નવી બાબત ૨૦૨૪-૨૫

આંગણવાડી કેન્દ્રોમાં Wi-Fi કનેક્શન અને રિકરીંગ કોસ્ટ સાથેની સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2024/0123/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૭/૦૧/૨૦૨૪નો પત્રક્રમાંક: **IF-3**/ન.બા/**ICDS**/૨૦૨૪-૨૫/નવીબાબત/૨૭૬૦/૬૧/૨૦૨૪

આમુખ:

રાજ્યમાં આવેલ આંગણવાડી કેન્દ્રો ખાતે આઇ.સી.ડી.એસ યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકો તથા સગર્ભા અને ધાત્રી માતાઓને પૂરક પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની સુવિધા પુરી પાડવામાં આવે છે તેમજ વિવિધ સામુદાયિક પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. રાજ્યના પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રો કે જેમાં **T.V** ની સુવિધા પહેલેથી હયાત છે તેવા કેન્દ્રોમાં **Wi-Fi**ની સુવિધા **Wi-Fi** કનેક્શન અને રિકરીંગ કોસ્ટ સાથે પુરી પાડવામાં આવે તો વધુ સારી રીતે પૂર્વ પ્રાથમિક શિક્ષણને લગતી સુવિધાઓ વધુ સારી રીતે આંગણવાડી કેન્દ્ર સુધી પહોંચાડી શકાશે. આથી વંચાણે લીધેલ પત્ર ક્રમાંક-૧થી જે કેન્દ્રોમાં ટી.વીની સુવિધા પહેલેથી ઉપલબ્ધ છે તે કેન્દ્રોમાં **Wi-Fi** ની સુવિધા **Wi-Fi** કનેક્શન અને રિકરિંગ કોસ્ટ સાથે ઉપલબ્ધ કરાવવા માટેની વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ. ૦.૦૧ કરોડની નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી જેને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની દરખાસ્ત મુજબ જે આંગણવાડી કેન્દ્રોમાં ટી.વી.ની સુવિધા પહેલેથી ઉપલબ્ધ છે, તે કેન્દ્રોમાં **Wi-Fi** કનેક્શનની સુવિધા રિકરીંગ કોસ્ટ સાથે ઉપલબ્ધ કરાવવા રૂ. ૦.૦૧ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

૧. આ યોજનાનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૪થી કરવાનો રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના પરિપત્રો અને લાગુ પડતા ઠરાવો/નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૯. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરવાની રહેશે.

૧૦. નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

૧૧. **Wi-Fi** ની સુવિધા લેવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત કચેરીની થશે.

૧૬. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

૧૭. ખરીદીના વિકલ્પે **Rental Model, PPP** ધોરણે કે **Outsourcing** થી **Operation and Maintenance,** કે અન્ય **Hybrid model** થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

૧૮. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

૧૯. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર **Operation and maintenance** માટે **Manpower** ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

૨૦. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૨૧. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૨૨. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૩. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

૨૪. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

૨૫. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૨૬. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક :-૧૦૬

મુખ્ય સદર :-૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર :-૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :-૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર :-૧૯, એન.ટી.આર-૧૨ , સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા. ૨૮/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧ માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૦. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ-ગર્વનન્સ), બ્લોક નં. -૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર

૧૧. ડેપ્યુટી ડાયરેકટર જનરલ, **NIC**, સચિવાલય, ગાંધીનગર

૧૨. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી

૧૩. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી

૧૫. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી

૧૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

૧૭. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૮. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૯. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ

૨૦. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

૨૧. સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.04 11:09:56
+05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign